# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે સેવા ક્ષેત્રમાં ગુજરાત ટોચના ત્રણ રાજ્યોમાં સામેલ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. આજે અમદાવાદના ત્રાગડમાં 'મિલિયન માઇન્ડ્સ ટેક પાર્ક- ફેઝ 1' અને 'GREMI સિટી કેમ્પસ'નું ઉદ્ઘાટન કરતાં તેમણે જણાવ્યું, વાયબ્રન્ટ ગુજરાત જેવી પહેલને કારણે ગુજરાતનો ઔધોગિક વિકાસ હવે નવી ઊંચાઈએ પહોંચ્યો છે. તેમણે ઉમેર્યું, આઝાદીના સમયથી ગુજરાતે દેશના ઔદ્યોગિક વિકાસમાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

( BYTE : AMIT SHAH – GUJARAT )

શ્રી શાહે AI અને ડીપ ટેકને ભવિષ્યના અર્થતંત્રના મુખ્ય આધારસ્તંભ ગણાવ્યા.

( BYTE : AMIT SHAH – AI )

ગુજરાતના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી શાહ આજે ગાંધીનગરમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનના ઇનોવેશન અને ઇન્ક્યુબેશન સેન્ટરનું પણ ઉદ્ઘાટન કર્યું. તેઓ આજે ગાંધીનગર મહાનગરપાલિકાના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. ઉપરાંત ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ મધુર ડેરીના નવનિર્મિત પાંચ લાખ લિટરની ક્ષમતાવાળા નવા પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે.

# CM CENSUS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ઓનલાઈન માધ્યમથી પોતાની સ્વ-ગણતરી પૂર્ણ કરીને વસતિ ગણતરી 2027ની સ્વ-ગણતરીનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો. શ્રી પટેલે રાજ્યના લોકોને આજથી 31 મે સુધીના નિર્ધારિત 15 દિવસમાં સ્વ-ગણતરી કરીને મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કવાયતમાં સક્રિયપણે ભાગ લેવા અનુરોધ કર્યો. આ પ્રસંગે રાજ્યના વસ્તી ગણતરી નિયામક સુજલ મયાત્રાએ મુખ્યમંત્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમને જનગણના અંગેની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. 2027ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઇલથી માહિતી આપી શકાશે. રાજ્ય મંત્રી પ્રવીણ માળીએ આજે પોતાના નિવાસસ્થાન ડીસા ખાતેથી પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની શરૂઆત કરાવી હતી. પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતે સ્વગણના પ્રક્રિયા પૂર્ણ કરી. કચ્છ જિલ્લાના તમામ નાગરિકોને જાહેર અપીલ કરતા જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું છે કે, આ પ્રક્રિયામાં દરેક નાગરિકોનો સક્રિય અને સચોટ સહકાર જરૂરી છે.

(BYTE: ANILKUMAR RANAVASIYA, COLLECTOR)

# SURAT- C.R PATIL

સુરત, SMC કમિશનર એમ નાગરાજન કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલના નિવાસ્થાને પહોંચ્યા.

સી.આર.પાટીલએ કહ્યું કે જનગણના 2027 દેશના ભાવિ વિકાસ અને આયોજન માટે

ભારત સરકાર દ્વારા હાથ ધરાતી સૌથી મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયાઓમાંની એક છે વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ સરકાર દ્વારા નીતિનિર્માણ, વિકાસ યોજનાઓ, સંસાધનોના યોગ્ય વિતરણ, આરોગ્ય, શિક્ષણ, આવાસ, રોજગાર, પરિવહન તેમજ વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે કરવામાં આવે છે સાચા જનગણના આંકડા વિકાસનો લાભ યોગ્ય લોકો અને વિસ્તારો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરે છે તેમણે તમામ નાગરિકોને અપીલ કરી છે કે,  આજથી થી 31 મે 2026 દરમિયાન યોજાનારી સ્વ-ગણના પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લો અને પોતાના ઘરે બેઠા ઓનલાઇન સાચી અને સંપૂર્ણ માહિતી નોંધાવો

# KUTCH- FUEL

કચ્છમાં ઇંધણની અછત વચ્ચે 4.86 લાખના મુદામાલ સાથે બે હજાર લિટર ડીઝલનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કલેક્ટર અનિલ રાણાવસિયાની સૂચના હેઠળ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. જિલ્લા પુરવઠા વિભાગ અને તાલુકા મામલતદાર કચેરીઓએ ગત રાત્રે 35 પેટ્રોલ પંપ પર આકસ્મિક તપાસ કરી હતી. તપાસ દરમિયાન માધાપર હાઇ-વે પરથી ડીઝલનો જથ્થો અને વાહન જપ્ત કરાયાં. ઇંધણની અછત વચ્ચે ગેરકાયદેસર સંગ્રહ અને વેચાણ રોકવા માટે ચેકિંગ તેજ બનાવાયું છે. ઇંધણ વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા જળવાય તે માટે વધુ તપાસ ચાલુ.

# BHAVNAGAR ELECTION

ભાવનગર જિલ્લાની તાલુકા પંચાયતોના હોદ્દેદારોની ચૂંટણી 23 મેના રોજ યોજાશે.

જિલ્લાની ભાવનગર, ઘોઘા, તળાજા, મહુવા, શિહોર, ગારીયાધાર, પાલીતાણા, વલ્લભીપુર, ઉમરાળા, જેસર તાલુકા પંચાયતોના પ્રમુખ/ ઉપપ્રમુખની ચૂંટણી માટે જિલ્લા વિકાસ અધિકારીએ 23 મે સવારે 11 કલાકે તમામ તાલુકા પંચાયતની પ્રથમ બેઠક બોલાવી છે.

સભ્યોએ પ્રમુખ / ઉપપ્રમુખની ઉમેદવારી માટે નિયત નમુનાના ફોર્મ જે તે તાલુકા પંચાયત ખાતેથી મેળવવાના રહેશે અને ફોર્મ પ્રથમ બેઠકના અગાઉના દિવસે એટલે કે 22 મે ના રોજ 11 થી બે વાગ્યા સુધીમાં ભરીને જે તે તાલુકા વિકાસ અધિકારીને મોકલી આપવાના રહેશે. જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં 22 મેના રોજ બપોરે બે વાગ્યે ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે.